## જન્મદિને વધામણી


**મુકેશભાઈ કે પટેલ**
મો. ૯૪૨૬૩ ૦૨૬૮૪


**સોમાભાઈ ડી પરમાર**
મો. ૯૪૦૮૨ ૨૯૪૪૮


**રમણલાલ મંગળદાસ વાળંદ**
ફોન : ૨૩૨૩૬૯૭૧


**કનુભાઈ એમ શાહ**
મો. ૯૪૦૮૧ ૩૪૧૪૮


**જયશ્રી એમ ગણાત્રા**


**નિધિ જે ચુડાસમા**
મો. ૯૯૭૯૭ ૬૯૯૫૦


**નૈત્રી જે ચુડાસમા**
મો. ૯૯૭૯૭ ૬૯૯૫૦

# પ્રવેશકાર્ય પછી સમિતિ હવે રિફંડ માટેની પ્રક્રિયામાં રત

ગાંધીનગર, તા. ૩૦

પેરા મેડિકલમાં પ્રવેશની પ્રક્રિયા સમિતિ દ્વારા પૂર્ણ જાહેર કરી દેવામાં આવી છે. માત્ર પેરા મેડિકલમાં જ પ્રવેશ લઈને પછી પ્રવેશ રદ કરાવનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૫૬૨ જેટલી છે. આ વિદ્યાર્થીઓને હાલમાં રીફંડ આપવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. જેમાં અંદાજે અઢી કરોડ રૂપિયા વિદ્યાર્થીઓને પરત આપવામાં આવ્યા છે. મહત્વની વાત એ કે ૪૭ વિદ્યાર્થીઓ એવા છે કે જેઓએ પોતાના સરનામા સાચા ન આપવાના કારણે વિદ્યાર્થીઓ સુધી રીફંડ પહોંચી શક્યા નથી. આજ રીતે મેડિકલ-ડેન્ટલમાં અંદાજે ૧૨ કરોડ રૂપિયા રીફંડ આપવામાં આવી રહ્યા છે. જેમાં પણ ૪૨ વિદ્યાર્થીઓ એવા છે કે જેઓએ રીફંડ લેવા માટે પણ પોતાના સાચા બેંક એકાઉન્ટની વિગતો આપી નથી. જેના કારણે હવે પ્રવેશ સમિતિએ તમામ રીફંડ મેળનારા વિદ્યાર્થીઓને ફોન કરીને નવેસરથી વિગતો માંગવાનું શરૂ કર્યુ છે. મેડિકલ-ડેન્ટલમાં પ્રવેશ પ્રક્રિયા તેના નિર્ધારીત સમયમાં પૂર્ણ થઈ ચુકી હતી. પરંતુ જે તે સમયે આયુર્વેદ અને હોમિયોપેથીની કોલેજોની મંજુરી આવી ન હોવાથી અનેક વિદ્યાર્થીઓએ ડેન્ટલમાં પ્રવેશ લીધા હતા. પાછળથી આ કોલેજને મંજુરી મળતાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ એક બ્રાન્ચમાંથી બીજા બ્રાન્ચમાં ટ્રાન્સફર લીધી હતી. નિયમ પ્રમાણે ટ્રાન્સફર લેનારા વિદ્યાર્થીઓને ફીની રકમનો તફાવત જે બાકી નીકળતો હોય તે પરત આપવાનો હોય છે. પ્રવેશ સમિતિના સૂત્રો કહે છે મેડિકલમાં વિદ્યાર્થીઓને ડીફરન્સની રકમ અંદાજે ૧૨ કરોડ રૂપિયા થાય છે. કારણ કે એક વખત સ્વનિર્ભરમાં કોલેજમાં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓએ મોટી રકમ ભરી દીધી હતી. પાછળથી સરકારી કોલેજમાં પ્રવેશ મળતાં આ રકમ પ્રવેશ સમિતિ પાસે જમા છે. હાલમાં વિદ્યાર્થીઓને ડીફરન્સની રકમ પરત આપવાની કાર્યવાહી ચાલી રહી છે. જેમાં મેડિકલના વિદ્યાર્થીઓ પાસેથી એકાઉન્ટની વિગતો પ્રવેશ સમિતિ દ્વારા માંગવામાં આવી હતી. આશ્ચર્યની વાત એ કે મેડિકલમાં ૯૨ વિદ્યાર્થીઓ એવા છે કે જેઓએ બેંકના એકાઉન્ટની વિગતો પણ સાચી આપી નથી. વિદ્યાર્થીઓએ જ માહિતી આપી તે પ્રમાણે પ્રવેશ સમિતિએ ડીફરન્સની રકમ ટ્રાન્સફર કરતાં અનેક ખાતાઓમાંથી આ રકમ પરત આવી હતી. જેના કારણે હવે આ ૯૨ વિદ્યાર્થીઓને એસએમએસ કરીને અથવા તો ફોન પર માહિતી આપીને નવા એકાઉન્ટ નંબર સહિતની વિગતો માંગવામાં આવી રહી છે. આજ રીતે પેરા મેડિકલમાં ડીફરન્સની રકમ અંદાજે અઢી કરોડ રૂપિયા જેટલી થાય છે. જેમાં ૫૬૨ વિદ્યાર્થીઓ એવા છે કે જેઓએ પ્રવેશ લીધા પછી ફી ભરીને અચાનક પ્રવેશ રદ કરાવી દીધો હતો. એટલે કે આ વિદ્યાર્થીઓએ અન્ય કોઈ બ્રાન્ચમાં પ્રવેશ લીધો નથી.

# સ્વામીનારાયણ ઈન્સ્ટીટ્યુટ ખાતે રોબોટિક લેબ કાર્યાન્વિત કરાઈ



શ્રી સ્વામીનારાયણ ઈન્સ્ટીટ્યુટ, ભાટ ખાતે આઈઈટી, મુંબઈના સહયોગથી ઈ-યંત્ર, રોબોટિક લેબ બનાવવામાં આવી છે. આ લેબનું ઉદ્‌ઘાટન ઓનલાઈન આઈઆઈટી, મુંબઈ અને કૉલેજના ડિરેક્ટર ધર્મેશ વંડરા દ્વારા દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યું હતું. ઈ-યંત્ર લેબમાં આઈઆઈટી, મુંબઈએ લેટેસ્ટ ટેકનોલોજીના રોબોટ આપ્યા છે, જેનાથી વિદ્યાર્થીઓ વિવિધ પ્રોગ્રામ કરી ઓટોમેશન ક્ષેત્રે પ્રેક્ટિકલદ્વારા ઈન્ડસ્ટ્રીના વિવિધ નાના-મોટા જટિલ પ્રોબ્લેમ્સ સોલ્વ કરી શકશે. આઈઆઈટી, ભાટના આ પ્રયાસથી ગાંધીનગરના વિદ્યાર્થીઓ પણ હવે રોબોટિક ક્ષેત્રે ઉજ્જવળ કારકિર્દી બનાવી શકશે.



ખેલ મહાકુંભ અંતર્ગત રાજ્યકક્ષાની સ્પર્ધામાં ૬૦ વર્ષથી વધુ વયના ભાઈઓના વિભાગમાં લોન ટેનિસ ડબલ્સમાં ગાંધીનગરના અતુલ બક્ષી અને હિતેન્દ્ર સેઈલરે જૂનાગઢની ટીમ સામે વિજય મેળવીને તૃતિય ક્રમના ઈનામ સાથે બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો છે. સચિવાલય અને જીમખાના પરિવાર તરફથી બંને ખેલાડીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે ભૂતકલમાં બંને ખેલાડીઓ ૪૫ વર્ષથી વધુ વયના વિભાગમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી ચૂક્યા છે.





બ્રહ્માકુમારીઝ દ્વારા ભોડાકલાં સ્થિત ઓમ શાંતિ રિટ્રીટ સૅન્ટર ખાતે એક દિવસીય કિસાન સશક્તિકરણ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કેન્દ્રીય કૃષિ રાજ્યમંત્રી સુદર્શન ભગત, બ્રહ્માકુમારીઝ સંસ્થાના રાજુભાઈ, ઓઆરસી નિર્દેશિકા આશાદીદી, બ્રજમોહન, જયપ્રકાશ, ભાજપ જિલ્લા પરિષદ અધ્યક્ષ બલરાજ કુન્દુ, રાજ દીદી, સરપંચ યજુવેન્દ્ર શર્મા અને જિલ્લા પાર્ષદ સુશીલ ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા. કિસાનોએ આ સંમેલનમાં ખૂબ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

# ગજાનંદ સેવા સમિતિ દ્વારા ભિલોડામાં સેવાકાર્ય





શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા પોતાનાં સેવાકાર્યોનો ક્રમ જારી રાખતાં તાજેતરમાં ભીલોડા તાલુકાના ટોરડા વિસ્તારની ૪ સ્કૂલ્સમાં સેવાકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. બીલવણીયા, પાટીયાકુવા, રામપુરી તથા અંબાબાર વર્ગમાં ચોપડા, નોટબૂક, બોલપેન, પેન્સિલ, બિસ્કીટ અને નવાં કપડાંનું વિતરણ સંસ્થા દ્વારા કરવામાં આવ્યું હતું. ઉપરાંત દમુડી શાળામાં સવારનો નાસ્તો વિદ્યાર્થીઓને આપવામાં આવ્યો હતો અને આંગણવાડીનાં બાળકોને સ્વેટર ભેટમાં આપવામાં આવ્યાં હતાં.

પુશ્કર ઘાટે, મિલિન્દભાઈ, યોગેશ અને ભીમજીભાઈ સંસ્થા વતી આ સેવાકાર્યમાં જોડાયા હતા, જેમણે બાળકોને હસાવ્યાં હતાં અને તેમને રમકડાં પણ ભેટમાં આપ્યાં હતાં.

# ડિમોનેટાઈઝેશન અને જીએસટી બાદ સ્થિરતા આવી રહી છે

ગાંધીનગર, ત. ૩૦

રોકાણમાં વૃદ્ધિ, ધિરાણ માંગમાં વધારો, જીએસટી બાદની સ્થિરતા અને નિકાસમાં વૃદ્ધિ જોવા મળે તો ભારત ૮-૧૦ ટકાનો જીડીપી વૃદ્ધિદર પ્રાપ્ત કરવાની ક્ષમતા ધરાવે છે એમ દેશના મુખ્ય આર્થિક સલાહકાર ડો. અરવિંદ સુબ્રમણિયને જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે ડિમોનેટાઈઝેશન અને જીએસટી બાદની સ્થિતિમાં સ્થિરતા આવી રહી છે અને બેન્કોના રિકેપિટલાઈઝેશનના પગલે પણ વૃદ્ધિને વેગ મળશે. પેટ્રોલિયમ અને ઈલેક્ટ્રિસિટી સહિત હાલમાં જે પ્રોડક્ટ્સ જીએસટી દાયરાની બહાર છે તેમને પણ સમય જતાં જીએસટી હેઠળ લાવવામાં આવે તે જરૂરી છે એમ તેમણે કહ્યું હતું.

અમદાવાદ યુનિવર્સિટીના સાતમા દીક્ષાંત સમારોહમાં ભાગ લેવા અમદાવાદ આવેલા ડો. સુબ્રમણિયને પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, જીએસટી ક્રાંતિકારી સુધારો છે અને તેના કારણે કો-ઓપરેટિવ ફેડરાલિઝમ જોવા મળ્યું છે અને કોમ્પેરેટિવ ફેડરાલિઝમ પણ જોવા મળશે. જીએસટીના દરોમાં ફેરફાર અને નિયમનમાં છૂટછાટ સહિતનાં પગલાં તાજેતરની જીએસટી કાઉન્સિલની બેઠકોમાં લેવામાં આવ્યા છે અને જેમ જેમ સમસ્યાઓ જોવા મળી રહી છે તેમ તેમ તેને દૂર કરવાનાં પગલાં લેવામાં આવી રહ્યાં છે. જીએસટીના અમલની શરૂઆતમાં ઘણી વ્યાપક અસર જોવા મળી હતી અને નાના ઉદ્યોગો હજુ પણ તેની અસર અનુભવી રહ્યા છે પરંતુ ઝડપથી સ્થિતિ સામાન્ય બનશે અને જીએસટી ચોક્કસપણે લાભદાયી પુરવાર થશે. નોટબંધીના કારણે રોકડથી ચાલતા અર્થતંત્ર પર અસર જોવા મળી હતી પરંતુ તેના લાંબા ગાળાના લાભ પણ મળશે.

સતત ઘટી રહેલા જીડીપી વૃદ્ધિદર અંગે તેમણે કહ્યું હતું કે, નોટબંધીના અમલ અગાઉથી જ જીડીપી વૃદ્ધિદરમાં નબળાઈ જોવા મળી હતી પરંતુ નોટબંધી અને જીએસટીના અમલથી જીડીપી વૃદ્ધિદર પર અસર જોવા મળી છે પરંતુ તે અસર ધીમે ધીમે નાબૂદ થઈ રહી છે. ધિરાણની માંગમાં પણ હવે વૃદ્ધિ જોવા મળી રહી છે. કન્ઝ્યુમર ધિરાણમાં ઘણી સારી સ્થિતિ છે અને ઈન્સોલ્વન્સી નિયમો તથા એનસીએલટી કેસો તથા બેન્કોના રિકેપિટલાઈઝેશનના કારણે ઔદ્યોગિક ધિરાણમાં પણ વૃદ્ધિ જોવા મળશે.

# મારે આંગણે આનંદનો ઉત્સવ છતાં હું જ આનંદથી વંચિત




યુવાનોના વ્યક્તિત્વ વિકાસના એક સેમિનારમાં ‘‘જીવનનો આનંદ અને વ્યક્તિત્વ’’ ઉપરની ચર્ચા દરમિયાન એક યુવતીએ સુંદર પ્રશ્ન પૂછ્યો. એ પ્રશ્ન આ મુજબ હતો; ‘‘આનંદ આપે એવી નાની નાની ઘટનાઓ દરેક વ્યક્તિના જીવનમાં વારંવાર બનતી જ હોય છે. આનંદની એ નાની નાની ઘટનાઓ થકી વ્યક્તિ ભરપૂર આનંદ માણતી હોય છે. ઘણીવાર એવું બને છે કે અત્યંત આનંદ પામવાનો પ્રસંગ હોય તો પણ વ્યક્તિને એ પ્રસંગ થકી આનંદ નથી મળતો એનું કારણ શું?’’ યુવતીએ પ્રમાણિકતાથી એવું સ્વીકાર્યું પણ ખરું કે આ પ્રકારની લાગણી તેને પોતાને પણ ઘણીવાર થાય છે.

સેમિનારના તજજ્ઞએ પ્રશ્ન પૂછનાર યુવતીની અંગત માહિતીની પૂછપરછ કરી તો જાણવા મળ્યું કે એ યુવતીએ પોતાના અભ્યાસ, પોતાની કારકિર્દી, સહિત્ય અને કલાના ક્ષેત્રમાં નાની ઉમરમાં ઘણી બધી સિધ્ધિઓ પ્રાપ્ત કરી લીધી હતી. તજજ્ઞએ સેમિનારના અન્ય સહભાગીઓને પણ પુછ્યું કે તેઓને પણ આ પ્રકારની લાગણી થાય છે તો યુવતીના સવાલને મોટાભાગના અન્ય સહભાગીઓએ પણ અનુમોદન આપીને કહ્યું કે તેઓને પણ એ યુવતી જેવી જ લાગણી ઘણીવાર થાય છે.

આનંદ એ અંદરથી આવતો ભાવ છે. કોઈના સાચા આનંદનું વર્ણન ક્યારેય થઈ શકતું નથી. આનંદ વ્યક્તિનો ઉત્સાહ વધારે છે. આનંદ વ્યક્તિને જીવવાની પ્રેરણા આપે છે. આનંદ જીવનને નવી ચેતના આપે છે અને જીવનને ચેતનવંતુ બનાવે છે. જીવનમાં વારંવાર આનંદ માનવાના પ્રસંગો આવતા હોય છે. વ્યક્તિના પોતાના જીવનમાં આનંદ માણવાનો પ્રસંગ આવ્યો હોય અને વ્યક્તિ એ લ્હાવો લઈ ના શકે તો વ્યક્તિની એ મોટામાં મોટી કમનસિબી છે. જે વ્યક્તિ પોતાને પ્રાપ્ત થયેલી આનંદની ક્ષણો માણી શકતી નથી તે વ્યક્તિને કોઈ જ વસ્તુ સંતોષ આપી શકતી નથી. આનંદ જીવનને પરિતૃપ્ત બનાવે છે. આનંદ એ વ્યક્તિનું ધ્યેય નથી. આનંદ એક યાત્રા છે. આનંદનું કોઈ અંતિમ બિંદુ નથી હોતું. આનંદની માણવાની યાત્રા વ્યક્તિ જીવે છે ચાલુ રહી શકે છે. વ્યકિતનું મૃત્યુપર્વ પણ આનંદમય બની શકે છે.

વ્યક્તિ પરિશ્રમ શ માટે કરે છે? રાત-દિવસ, સતત, અથાગ પરિશ્રમ કર્યા પછી તેનું ફળ મળે છે ત્યારે વ્યક્તિને અત્યંત આનંદ થાય છે. અથાગ પરિશ્રમ પછી પોતાની ઈચ્છિત અને મનગમતી ચીજવસ્તુ મળે છે ત્યારે વ્યકિત આનંદ અનુભવે છે. વ્યક્તિ હંમેશા કોઈ ને કોઈ પ્રકારના સપના જોતી હોય છે અને ઈચ્છતી પણ હોય છે કે પોતાના સપનાઓ પૂરા થાય. વ્યક્તિએ સપનાઓ જોયા હોય અને કલ્પનાઓ કરી હોય એવો મનગમતો સમય પોતાને માણવા મળે છે ત્યારે તેનું મન પ્રફુલ્લિત થાય છે. વ્યક્તિને પોતાના નક્કી કરેલા ધ્યેયો મુજબ અપેક્ષિત સિધ્ધિઓ પ્રાપ્ત થાય છે ત્યારે આનંદની હેલી વરસે છે. ક્યારેય કલ્પના ના કરી હોય એવી અનઅપેક્ષિત સફળતાઓ કે સિધ્ધિઓ પ્રાપ્ત થાય છે ત્યારે તેના આનંદનો પાર નથી રહેતો. પોતાની પ્રિય અને મનગમતી વ્યક્તિઓ સાથે સમય વિતાવવા માટે મળે છે ત્યારે વ્યક્તિના હૈયામાં આનંદની છોળો ઊડે છે. મનગમતી વ્યક્તિઓ સાથે વ્યક્તિના મનગમતા સંબંધો બંધાય છે ત્યારે અનર્ગલ આનંદ થાય છે.

જીવનની કોઈ એકાદ-બે ઘટનાઓ કે પ્રસંગો થકી જ વ્યક્તિને આનંદ થતો હોય છે એવું નથી. આ જગતમાં આનંદ મેળવવાના અનેક સ્ત્રોત મૌજૂદ છે. જે કઈ સ્ત્રોત પ્રાપ્ય હોય છે તેમાથી કોઈ ને કોઈ સ્ત્રોતમાથી ક્યારેક ક્યારેક આનંદની ધારાઓ નીકળતી જ રહેતી હોય છે. સ્ત્રોતમાથી નીકળતી એ આનંદધારાઓમાં વ્યક્તિ પોતાની જાતને ભીંજવી ના શકે તો એ ધારાઓ વ્યર્થ વહી જાય છે, એ આનંદ આપતી ક્ષણોને જો વ્યક્તિ ઓળખી ના શકે, ઓળખી શકે પણ સાચા અર્થમાં જો માણી ના શકે તો એ ક્ષણ ચૂકી જાય છે. એકવાર એ ક્ષણ ચૂકી ગઈ પછી એ ક્ષણના આનંદથી વ્યક્તિ કાયમ માટે વંચિત રહી જાય છે. આનંદ માણવાની ચુકાઈ ગયેલી એ ક્ષણ બીજીવાર ક્યારેય પછી આવતી નથી.

આનંદ સાપેક્ષ છે. આનંદ વ્યક્તિલક્ષી (જેહ્વદ્વીષ્ઠૈંદ્વી) છે. કોઈ એક ઘટના બને અને વ્યકિત એકદમ આનંદિત થઈ જાય એવું પણ બને. એવી જ ઘટના બીજીવાર બને અથવા તો એવા જ પ્રકારની બીજી ઘટના બને અને શક્ય છે કે એ ઘટના વ્યક્તિને જરા પણ આનંદ ના આપી શકે. આનંદ એ માત્ર વ્યક્તિને પ્રાપ્ત થતી સિધ્ધિઓ, સફળતાઓ, ચીજ-વસ્તુઓ કે સંબંધો ઉપર જ આધારિત નથી. વ્યક્તિની પોતાની પરિસ્થિતી, પોતાનો એ સમય નો મૂડ, એ સમણું વાતાવરણ, અન્ય પરિબળો અને વ્યક્તિની પોતાની એ સમયની માનસિકતા ઉપર મોટો આધાર રાખે છે. એવી જ રીતે વ્યક્તિને મળેલી સફળતા, સિધ્ધી, ચીજ-વસ્તુ કે સંબંધો પણ સાપેક્ષ કે વ્યક્તિલક્ષી જ હોય છે. એક પ્રકારની સફળતા કે સિધ્ધી એક વ્યક્તિ માટે મોટી હોય જ્યારે એવા જ પ્રકારની સિધ્ધી કે સફળતા બીજી વ્યક્તિ માટે એકદમ નાની હોઈ શકે.

પેલો પ્રશ્ન પૂછનાર યુવતીની જેમ વ્યક્તિને કેટલીક વાર નાની ઉમરમાં કે ખૂબ જ ઓછા સમયમાં ઘણીવાર મોટી સિધ્ધિઓ પ્રાપ્ત થઈ જતી હોય છે. એકવાર આવું બને છે ત્યારે તેના આનંદ નો પાર નથી રહેતો. આવી મોટી સિધ્ધિઓ અને માટી સફળતાઓનો આનંદ માણ્યા પછી વ્યકિતને નાની નાની સફળતાઓ કે સિધ્ધિઓ પ્રાપ્ત થાય છે તેનો રોમાંચ નથી રહેતો. એકવાર મોટી સિધ્ધિઓનો સ્વાદ ચાખ્યા પછી નાની નાની સિધ્ધિઓ કે સફળતાઓના આનંદનો સ્વાદ દાઢે નથી લાગતો. ઉદાહરરૂપે કોઈ એક વિદ્યાર્થી પોતાની શાળામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરે છે ત્યારે અત્યંત આનંદ અને ગૌરવની લાગણી અનુભવે છે. એ જ વિદ્યાર્થીને પછી પોતાના વર્ગમાં પ્રથમ રહેવાનો એટલો આનંદ નથી થતો જેટલો આનંદ શાળામાં પ્રથમ આવવાનો થયો હોય. એવી જ રીતે વિદ્યાર્થી જ્યારે યુનિવર્સિટી કે પરીક્ષા બોર્ડમાં પોતાનું આગવું સ્થાન પ્રાપ્ત કરે છે પછી કોલેજ કે શાળામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરવાનો રોમાંચ જતો રહે છે. જેમ મિષ્ટાન્ન નો સ્વાદ લીધા પછી તરત જ ચા પીવાથી ચા મોળી જ લાગે છે એવું જ આનંદનું પણ છે. (ક્રમશઃ)



# કોમર્સ એમ.ફીલમાં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓના સત્ર અંગે અસ્પષ્ટતા

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાત યુનિવર્સિટીમાં કોમર્સમાં પીએચડી અને એમ.ફીલમાં પ્રવેશ માટે લાંબા સમય સુધી વિવાદ ચાલ્યા બાદ હાલ વિદ્યાર્થીઓને પ્રવેશ આપી દેવામાં આવ્યા છે. પરંતુ હજુસુધી એમ.ફીલમાં સત્ર કયા સુધી ગણવામાં આવશે તે અંગે કોઈ સ્પષ્ટતા ન થતાં વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાયા છે.

યુનિવર્સિટીએ ચાલુ વર્ષે પીએચડી અને એમ.ફીલમાં કરેલી પ્રવેશ પ્રક્રિયામાં કોમર્સમાં ભારે વિવાદ થયો હતો. જેના પગલે લાંબા સમય સુધી પ્રવેશ પ્રક્રિયા ખોરંભે પડી હતી. તાજેતરમાં પ્રવેશનો વિવાદ પુરો થતાં કોમર્સમાં પીએચડી અને એમ.ફીલમાં બન્નેમાં મળીને અંદાજે ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવી આપવામાં આવ્યા હતા. સૂત્રો કહે છે પીએચડીમાં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓને કોઈ મુશ્કેલી ઉભી થાય તેમ નથી. પરંતુ એમ.ફીલમાં નિર્ધારીત સમય હોવાથી મુશ્કેલી ઉભી થઈ છે. એમ.ફીલમાં જયારે પ્રવેશ થયા ત્યારે પહેલુ સત્ર પુરુ થઈ ચુક્યુ હતુ. હવે આગામી તા.૮મી ડિસેમ્બરથી એમ.ફીલમાં વિદ્યાર્થીઓને અભ્યાસ શરૂ થશે. વિદ્યાર્થીઓ કહે છે હજુસુધી સત્ર કયા સુધી ગણવામાં આવશે તે અંગે સત્તાધીશો દ્વારા કોઈ સ્પષ્ટતાં કરવામાં આવી નથી. નોંધનીય છે કે કોમર્સમાં એમ.ફીલમાં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓ હવે દોઢ વર્ષમાં જ કોર્સ પુરો કરવાનો રહેશે કે પછી મોડા પ્રવેશ થયા તેના કારણે સત્તાધીશો દ્વારા છ માસનો વધારો આપવામાં આવશે તે અંગે પણ હજુસુધી કોઈ સ્પષ્ટતાં કરવામાં આવી નથી.